અરજી દાખલ થયા તા.૧૧/૦૮/૨૦૨૩
અરજી રજી. લીધા તા.૧૧/૦૮/૨૦૨૩
અરજી ફેંસલ થયા તા.૨૭/૦૯/૨૦૨૩
સમયગાળો : ૦ વર્ષ ૧ માસ ૧૬ દિવસ

## પેટલાદના મે.પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં
## મુ.પેટલાદ

એચ.એમ.પી.નં.૬૧/૨૦૨૩
આંક–

અરજદાર : (૧) કાજલબેન પ્રવીણભાઈ શંકરભાઈ પટેલ,
તે ધાર્મિક દીલીપભાઈ પટેલની પત્ની,
ઉ.વ.૨૯, ધંધો–ઘરકામ, ધર્મ–હિન્દુ (લેઉવા પટેલ)
રહે.રામજી મંદિર સામે, મુ.લીબાલી,
તા.સોજીત્રા, જી.આણંદ.

(૨) ધાર્મિકભાઈ દીલીપભાઈ પટેલ,
ઉ.વ.૨૯, ધર્મ–હિન્દુ (લેઉવા પટેલ)
રહે.સોના ટેકરી, દેવાતજ, તા.સોજીત્રા,
જી.આણંદ. ૩૮૭૨૪૦.

**હિન્દુ મેરેજ એકટની કલમ–૧૩(બી) અન્વયે પરસ્પર મુકત સંમતિથી છુટાછેડા યાને લગ્નવિચ્છેદનું હુકમનામું મેળવવાની અરજી**

અરજદાર તરફે વિ.વકીલ શ્રી એ.જે.પટેલ

## <u>ચુકાદો</u>

(૧) આ કામના અરજદારોએ હિન્દુ મેરેજ એકટની કલમ ૧૩(બી) મુજબ પરસ્પર મુકત સંમતિથી છુટાછેડા મેળવવા સારુ હાલની અરજી કરેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદારોના લગ્ન તા.૩૦/૧૨/૨૦૧૪ ના રોજ સોળ ગામ લેઉઆ પાટીદાર સમાજની વાડી ધર્મજ મુકામે સમાજના રીત રીવાજ તથા ધાર્મિક વિધીથી થયેલા અને સદર લગ્નની નોંધણી લગ્ન રજીસ્ટ્રારની કચેરી તા.૦૩/૦૨/૨૦૧૫ લીબાલી ખાતે કરાવેલુ ત્યારથી બંને અરજદારો પતિ પત્ની તરીકે લગ્ન જીવનના હકકો ભોગવતા હતા. અરજદારોનું લગ્નજીવન છેલ્લા ૪–૫ વર્ષ પહેલા સુધીમાં સારુ ચાલતુ હતુ પરંતુ ત્યારબાદ ધીમે ધીમે બંને વચ્ચે નાની નાની બાબતોમાં તકરારો અને મનદુખ થવા લાગ્યુ હતુ.

બંને અરજદારો વચ્ચે વિચારો અને સ્વભાવનો મનમેળ ન આવતો હતો અને અરજદાર નં.ર નાઓ તા.૧૫/૦૨/૨૦૨૨ યુક્રેન ગયા ત્યારથી અરજદાર નં.૧ છેલ્લા એક વર્ષ ચાર મહીનાથી તા.૧૫/૦૨/૨૦૨૨ ના રોજથી તેણીના માતા પિતાને ત્યાં રહેવા આવી ગયેલા. અરજદારો જુદા રહેવા લાગ્યા ત્યારે પણ બંનેએ તેઓનુ લગ્નજીવન ટકી રહે તે માટે ઘણા પ્રયત્નો કરેલા એટલુ જ નહી તેઓના ઘરના વડીલોએ પણ તેઓનુ લગ્ન જીવન ટકી રહે તે માટે પ્રયત્નો કરેલા છે પરંતુ બંને વચ્ચે મનભેદ અને મતભેદ એટલા બધા વધી ગયા છે કે બંને સાથે રહી લગ્ન જીવન ટકાવી શરે તેમ ન હોવાથી છુટાછેડા લેવાનું નકકી કરેલુ. અરજદારો વચ્ચે ચીજોની લેવડ–દેવડ, કપડા લત્તા, ઘરેણા, વાસણો વગેરે એકબીજાને સોંપી દીધેલુ છે. હવે એકબીજાને આપવા લેવાનું કાંઈ પણ બાકી રહેતુ નથી. હવે ફરીથી લગ્ન જીવન શરુ કરવાની શકયતા દેખાતી નથી. જેથી અરજદારોએ સદર અરજી કરી દાદ માંગેલ છે કે અરજદારોને તેઓના લગ્નમાંથી છુટાછેડા માટેનુ કાયદેસરનું હુકમનામું કરી આપવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામે અરજદારો તરફે નીચે મુજબના પુરાવાઓ રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવા</u>**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર નં.૧ કાજલબેન પ્રર્વીણભાઈ શંકરભાઈ પટેલનાઓનું સરતપાસનું સોગંદનામું | ૬ |
| ૨ | અરજદાર નં.ર ધાર્મિક દીલીપભાઈ પટેલનાઓનું સરતપાસનું સોગંદનામું | ૭ |

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારોના મેરેજ રજીસ્ટ્રેશનની ખરી નકલ | ૯ |
| ૨ | અરજદાર નં.૧ ના આધારકાર્ડની નકલ | ૧૦ |
| ૩ | અરજદાર નં.ર ના આધારકાર્ડની નકલ | ૧૧ |
| ૪ | અરજદારોના મેરેજના ફોટોગ્રાફસ | ૧૨ |

ત્યારબાદ અરજદાર તરફે આંક–૧૩ થી પુરાવો બંધ કર્યાની પુરશીસ રજુ કરેલ છે.

(૩) ઉપરોકત પુરાવો ધ્યાને લેતા આ અરજીના અંતિમ નિર્ણય માટે મારી સમક્ષ નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શું અરજદારો પુરવાર કરે છે કે, તેઓના લગ્ન તા.૩૦/૧૨/૨૦૧૪ ના રોજ થયેલા ? |
| (૨) | શું અરજદારો માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| (૩) | શું હુકમ અને હુકમનામું? |

(૪) ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

***<u>ન્યાયિક નિર્ણયના કારણો–</u>***

**<u>મુદ્દા નં.૧ અને ૨</u>**

(૫) હાલના કામે બંને પક્ષકારો દેવાતજ તા.સોજીત્રા મુકામે રહી લગ્નજીવનના હકકો ભોગવતા હતા, જેથી હિંદુ મેરેજ એકટની કલમ–૧૯(૧) મુજબ અત્રેની કોર્ટને આ અરજી ચલાવવાની હકુમત રહેલી છે. હાલની અરજી હિન્દુ લગ્ન અધિનિયમ, ૧૯૯૫ ની કલમ–૧ ૩(બી) મુજબ પરસ્પર સંમતિથી છુટાછેડા લેવા અંગેની દાખલ કરવામાં આવેલ હોય હિન્દુ લગ્ન અધિનિયમ,૧૯૯૫ ની કલમ–૧૩(બી) વંચાણે લેતા નીચે મુજબ છે.

કલમ–૧૩(બી): **પરસ્પર સંમતિથી છુટાછેડા**

(૧) આ ધારાની જોગવાઈઓને આધીન રહી છુટાછેડાના હુકમનામાં થી લગ્ન વિચ્છેદ માટેની અરજી લગ્નના બંને પક્ષકારો સાથે મળીને, તેઓ એક વર્ષ કે તેથી વધુ સમયથી અલગ રહે છે, તેઓ સાથે રહી શકે તેમ નથી અને તેઓ પરસ્પર સંમત થાય છે કે, લગ્ન વિચ્છેદ થવો જોઈએ તેવા કારણોસર કોર્ટને કરી શકશે. પછી આવુ વિધિસર લગ્ન કાયદાની (સુધારણા ધારો, ૧૯૭૬) શરૂઆત પહેલા થયેલ હોય કે પછી,

(૨) પેટા કલમ–૧ માં જણાવેલ અરજી રજુ કર્યાની તારીખ પછી છ માસ પહેલાં નહી અને તેવી તારીખથી ૧૮ માસ પછી નહી તેવા સમય દરમ્યાન બંને પક્ષકારોએ કરેલ દરખાસ્તથી જો અરજી પાછી ખેંચી લેવામાં ન આવી હોય તો બંને પક્ષકારોને સાંભળ્યા બાદ અને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી કોર્ટને સંતોષ થાય કે વિધિસર લગ્ન થયા છે અને અરજીમાના કથનો સાચા છે તો હુકમનામાની તારીખથી લગ્નનો

વિચ્છેદ થયો છે તેમ જાહરે કરી કોર્ટ છુટાછેડાનુ હુકમનામુ કરી આપશે.

(૬) આ કામે અરજદારોએ તેઓની આંક–૧ ની અરજીના સમર્થનમાં આંક–૬ થી અરજદાર નં.૧ નું સરતપાસનું સોગદનામું અને આંક–૭ થી અરજદાર નં.ર નું સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. તેઓ બંને તેમની એફીડેવીટમાં પોતાની આંક–૧ ની અરજી મુજબની હકીકતો જણાવેલ છે.

(૭) આ કામે રેકર્ડ જોતા અરજદારોએ તા.૧૧/૦૮/ર૦ર૩ ના રોજ હાલની અરજી દાખલ કરી ત્યારે અત્રેની કોર્ટે હિન્દુ મેરેજ એકટની કલમ–૧૩(બી) મુજબ બંને પક્ષકારોએ સંમતિથી લગ્ન વિચ્છેદ મેળવવાની દાદ માંગેલ હોય કલમ–૧૩(બી) ની જોગવાઈ મુજબ હાલની અરજી છ માસના સમયગાળા પુરતી બંને પક્ષકારો વચ્ચે સમાધાન અને સમજાવટ થાય તે હેતુથી મુલત્વી રાખવામા આવેલી. ત્યારબાદ પક્ષકારો તરફે છ માસનો સમયગાળો વેવ કરવાની અરજી આપેલ અને તેના સમર્થનમા નામદાર સુપ્રિમ કોર્ટના અમરદીપસીંઘ વિ.હરવીન કૌર, ર૦૧૭ (૩) જી.એલ.એચ.૧૭૪ પર પ્રસિઘ્ધ ચુકાદાના પેરા નં.(૧૮)મા ઠરાવેલ ગાઈડલાઈનને ઘ્યાને લેતા હાલના કેસમા પણ અરજદારો તરફે સોગંદનામામાંથી તે મુજબની હકીકતોને સમર્થન આપેલ હોય અરજી લગત હુકમ કરવામાં આવેલો છે. વધુમાં પક્ષકારો વચ્ચે સમાધાન થાય તે હેતુસર પક્ષકારોને કોર્ટ રૂબરુ હાજર રહેવાનું જણાવતા અરજદાર નં.૧ તથા અરજદાર નં.ર કોર્ટ રૂબરુ હાજર થયેલા અને પક્ષકારોએ તેઓના લગ્ન જીવન ચાલુ રાખવા અંગે સમજાવતા ઈન્કાર કરેલ.

(૮) આ કામે રજુ થયેલ પુરાવો જોતાં જણાઈ આવે છે કે, પક્ષકારો હાલની અરજી કર્યાના ૧ વર્ષ અને ૪ મહીના ઉપરાંતથી અલગ રહે છે. સદર કામે પક્ષકારોના સોગંદ પર પુરાવો લેવામાં આવેલ છે. અરજદારોએ આંક–૦૬ અને આંક–૦૭ થી સોગદ ઉપરની સરતપાસ રજુ કરેલી છે તેમા અરજીમાં જણાવેલ હકીકતોને સમર્થન આપેલ છે. વધુમાં અરજદારો વચ્ચે લગ્નજીવન ચાલુ રાખવાની કોઈ પણ શકયતાઓ ઈન્કાર કરેલ છે અને માંગ્યા મુજબનું હુકમનામું કરવા જણાવેલ છે.

(૯) વધુમાં પુરાવો જોતાં એવું પણ ફલીત થાય છે કે, તેઓને સાથે રહી લગ્ન જીવન ચલાવવુ અશકય છે અને તેઓની વિચારસરણી અને રહેણીકરણી અલગઅલગ

છે અને તેઓએ સાથે મળી અલગ રહેવાનો નિર્ણય કરી છુટાછેડા લેવા હાલની અરજી કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર સુપ્રિમ કોર્ટે પણ સંખ્યાબંધ ચુકાદાઓથી ઠરાવેલ છે કે, જયાં પક્ષકારો વચ્ચેનું વિયોજન ઘણા લાંબા સમયનું હોય અને રીયુનીયન થવાની સંભાવના ન હોય ત્યાં છુટાછેડા મંજુર કરવા તે જ યોગ્ય ઉપાય છે અને તે મુજબ હાલના કેસમાં જોતાં બંને અરજદારો છેલ્લા ૧ વર્ષ અને ૪ મહીના ઉપરાંતથી અલગ રહે છે અને તેઓને તેઓના સગાસંબધીઓ ધ્વારા તથા કોર્ટ ધ્વારા પણ સમજાવવાના ઘણા પ્રયત્નો કરવામાં આવેલ છે જે પણ નિષ્ફળ નીવડેલ છે. બંને અરજદારોએ પોતાનું ભવિષ્ય સુખમય બની રહે તે સારૂ તમામ પરીણામોનો વિચાર કરીને મુકતપણે કોઈ પણ જાતના દબાણ કે પ્રલોભન વગર હાલની અરજી કરેલ હોવાનું આ અદાલતે સંતોષકારક રીતે રેકર્ડ ઉપરથી જણાઈ આવતુ હોય તથા કાયદો પક્ષકારોને તે રીતે લગ્ન વિચ્છેદનું હુકમનામું મેળવવાનો અધિકાર આપતો હોય તે રીતે મુદ્દા નં.૧ અને ૨ ની હકીકતો અરજદારોએ પુરવાર કરેલ હોય મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં.૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **આખરી હુકમ**

(૧) અરજદારોની અરજી આથી **મંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર નં.૧) કાજલબેન પ્રવીણભાઈ શંકરભાઈ પટેલ તે ધાર્મિક દીલીપભાઈ પટેલની પત્ની અને અરજદાર નં.૨) ધાર્મિકભાઈ દીલીપભાઈ પટેલનાઓના તા.૩૦/૧૨/૨૦૧૪ ના રોજ થયેલ લગ્નનો અંત આ હુકમથી કરવામાં આવે છે તથા અરજીમાં માંગ્યા મુજબ છુટાછેડાનો હુકમ કરવામાં આવે છે.

(૩) અરજીનો ખર્ચ અરજદારોએ જાતે ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તારીખ ૨૭ મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૭/૦૯/૨૦૨૩
સ્થળ : પેટલાદ

(એ.જે.રાણા)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
પેટલાદ
Code No.GJ00895